પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૧ | ૧ જુન, ૨૦૧૯, શનિવાર; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમિત શાહને ગૃહ, રાજનાથને સંરક્ષણ મંત્રાલય

## જયશંકરને વિદેશ અને સીતારામનને નાણાં મંત્રાલય અપાયુ : મોદી સહિતના ૫૮ પ્રધાનોના શપથના એક દિવસ બાદ તમામને ખાતાઓની ફાળવણી કરાઇ : સ્મૃતિ ઇરાનીને ટેક્સટાઇલ, મહિલા બાળ વિકાસ વિભાગ



નવી દિલ્હી, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરી હતી. મોદી સહિત ૫૮ પ્રધાનોએ ગઈકાલે શપથ લીધા હતા. મોદીએ ધારણા પ્રમાણે જ અમિત શાહને મોટી જવાબદારી સોંપી હતી. અમિત શાહને દેશના નવા ગૃહમંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે રાજનાથ સિંહને દેશના નવા સંરક્ષણ મંત્રી બનાવવામાં આવ્યા છે. મોદીએ તમામ પ્રધાનોને આજે ખાતાઓની ફાળવણી કરી હતી. ખાતાઓની ફાળવણી કરવામાં આવે તે પહેલા ભારી ઉત્સુક્તા રહી હતી. પાર્ટીના દિગ્ગજ ચહેરા રહેલા અમિત શાહે લોકસભાની ચૂંટણીમાં પાર્ટીને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. મોદીના સૌથી વિશ્વાસપાત્ર અને ગુજરાતના તેમના મુખ્યમંત્રી તરીકેના ગાળા દરમિયાન ગૃહમંત્રાલયની જવાબદારી સંભાળી ચુકેલા અમિત શાહને હવે દેશના પણ ગૃહમંત્રી બનાવવામાં આવ્યા છે. બીજી બાજુ મોદી સરકાર-૧માં ગૃહમંત્રી રહી ચુકેલા રાજનાથ સિંહને સંરક્ષણમંત્રી તરીકેની નવી જવાબદારી સોંપવામાં આવી છે. નીતિન ગડકરીને પહેલાની જેમ જ માર્ગ પરિવહનની જવાબદારી સોંપવામાં આવી છે. અરૂણ જેટલી સરકારમાં આરોગ્યના કારણોસર સામેલ થયા નથી. જેથી તેમની જગ્યાએ અગાઉની સરકારમાં સંરક્ષણમંત્રી રહેલા નિર્મલા સીતારામને નાણાંમત્રાલયની સોંપવામાં આવી છે. મોદીએ ફરી એકવાર તમામને ચોંકાવી દઈને સીતારામનનો ખુબ મોટી જવાબદારી સોંપી છે. બીજી બાજુ પૂર્વ વિદેશ સચિવ જયશંકરને વિદેશ મંત્રી બનાવીને પણ ચોંકાવી દેવામાં આવ્યા છે. અમેરિકા, ચીન અને રશિયા જેવા ત્રણ મહત્વપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

## કોને કયા ખાતા અપાયા

| નામ | પાર્ટી | મંત્રાલય |
|---|---|---|
| નરેન્દ્ર મોદી (વડાપ્રધાન) | બીજેપી | વડાપ્રધાન પદની સાથે પર્સનલ, જન ફરિયાદ અને પેન્શન, પરમાણુ ઉર્જા, અંતરિક્ષ મંત્રાલય. આ સિવાય તે દરેક મંત્રાલય જે ફાળવવામાં આવ્યા નથી. |
| રાજનાથ સિંહ | બીજેપી | સંરક્ષણમંત્રી |
| અમિત શાહ | બીજેપી | ગૃહમંત્રી |
| નિતિન ગડકરી | બીજેપી | માર્ગ પરિવહન |
| સદાનંદ ગૌડા | બીજેપી | રસાયણ અને ખાતર |
| નિર્મલા સીતારમણ | બીજેપી | નાણા |
| રામ વિલાસ પાસવાન | એલજેપી | ગ્રાહક અને ખાદ્યાન્ન |
| નરેંદ્ર સિંહ તોમર | બીજેપી | કૃષિ અને ગ્રામીણ વિકાસ |
| રવિ શંકર પ્રસાદ | બીજેપી | કાયદો અને ન્યાય |
| હરસિમરત કૌર બાદલ | અકાલી દળ | ખાદ્ય પ્રસંસ્કરણ |
| થાવરચંદ ગહલોત | બીજેપી | સામાજિક ન્યાય |
| ડૉ. એસ. જયશંકર | પૂર્વ રાજદુત | વિદેશ મંત્રી |
| રમેશ પોખારિયાલ નિશંક | બીજેપી | માનવ સંસાધન વિકાસ |
| અર્જુન મુંડા | બીજેપી | આદિવાસી બાબતે |
| સ્મૃતિ ઈરાની | બીજેપી | મહિલા, બાલ વિકાસ અને કાપડ |
| ડૉ. હર્ષવર્ધન | બીજેપી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ |
| પ્રકાશ જાવડેકર | બીજેપી | પર્યાવરણ, સૂચના અને પ્રસારણ |
| પીયૂષ ગોયલ | બીજેપી | રેલવે, વાણિજ્ય અને ઉદ્યોગ |
| ધર્મેંદ્ર પ્રધાન | બીજેપી | પેટ્રોલિયમ, સ્ટીલ, નેચુરલ ગૈસ |
| અબ્બાસ નકવી | બીજેપી | લઘુમતી બાબતો |
| પ્રહલાદ જોશી | બીજેપી | સંસદીય બાબતો, કોલસા |
| મહેંદ્ર નાથ પાંડે | બીજેપી | સ્કિલ ડિવેલપમેંટ |
| અરવિંદ સાવંત | શિવસેના | ભારે ઉદ્યોગ |
| ગિરિરાજ સિંહ | બીજેપી | પશુપાલન, ડેયરી, મત્સ્ય પાલન |
| ગજેંદ્ર સિંહ શેખાવત | બીજેપી | જળ શક્તિ |

### ● રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) વિભાગ

| નામ | પાર્ટી | મંત્રાલય |
|---|---|---|
| સંતોષ ગંગવાર | બીજેપી | શ્રમ અને રોજગાર |
| રાવ ઈંદ્રજીત સિંહ | બીજેપી | આંકડાકીય અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલય |
| શ્રીપાદ નાઈક | બીજેપી | આયુર્વેદ, યોગ, આયુષ અને રક્ષા રાજ્ય મંત્રી |
| જિતેંદ્ર સિંહ | બીજેપી | રાજ્ય મંત્રી પીએમઓ, પૂર્વોત્તર વિકાસ, સ્પેસ, પરમાણુ ઉર્જા |
| કિરણ રિજિજુ | બીજેપી | યુવા બાબતો, ખેલ અને લઘુમતી |
| પ્રહલાદ પટેલ | બીજેપી | સંસ્કૃતિ અને પ્રવાસ |
| આર કે સિંહ | બીજેપી | વિજળી, અક્ષય ઉર્જા, સ્કિલ ડિવેલપમેંટ |
| હરદીપ પુરી | બીજેપી | હાઉસિંગ એન્ડ અર્બન અફેયર્સ, સિવિલ એવિએશન |
| મનસુખ મંડાવિયા | બીજેપી | શિપિંગ અને રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી |

### ● રાજ્ય પ્રધાનોના વિભાગ

| નામ | પાર્ટી | મંત્રાલય |
|---|---|---|
| ફગ્ગન કુલસ્તે | બીજેપી | સ્ટીલ મંત્રાલય |
| અશ્વિની ચૌબે | બીજેપી | સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ |
| અર્જુન રામ મેઘવાલ | બીજેપી | સંસદીય બાબતો મંત્રી, ભારી ઉદ્યોગ |
| જનરલ વીકે સિંહ | બીજેપી | માર્ગ અને પરિવહન |
| કૃષ્ણપાલ ગુર્જર | બીજેપી | સામાજિક ન્યાય અને અધિકારિતા |
| રાવસાહેબ દાનવે | બીજેપી | ગ્રાહક મંત્રાલય |
| જી કિશન રેડ્ડી | બીજેપી | ગૃહ મંત્રાલય |
| પુરુષોત્તમ રૂપાલા | બીજેપી | કૃષિ અને કિસાન કલ્યાણ |
| રામદાસ આઠવલે | આરપીઆઈ | સામાજિક ન્યાય અને અધિકારિતા |
| નિરંજન જ્યોતિ | બીજેપી | ગ્રામીણ વિકાસ |
| બાબુલ સુપ્રિયો | બીજેપી | પર્યાવરણ, જંગલ અને જલવાયુ પરિવર્તન |
| સંજીવ બાલિયાન | બીજેપી | પશુપાલન, ડેયરી, મત્સ્ય પાલન |
| સંજય ધોત્રે | બીજેપી | એચઆરડી, સંચાર, આઈટી |
| અનુરાગ ઠાકુર | બીજેપી | વિત્ત/ કૉરપોરેટ અફેયર્સ |
| સુરેશ અંગડી | બીજેપી | રેલવે |
| નિત્યાનંદ રાય | બીજેપી | ગૃહ |
| રતન કટારિયા | બીજેપી | જળ શક્તિ / સામાજિક ન્યાય અધિકારિતા |
| વી મુરલીધરન | બીજેપી | વિદેશ/ સંસદીય કાર્ય |
| રેણુકા સરુતા | બીજેપી | અનુસુચિત જનજાતિ કલ્યાણ |
| સોમ પ્રકાશ | બીજેપી | વાણિજ્ય અને ઉદ્યોગ |
| રામેશ્વર તેલી | બીજેપી | ખાદ્ય પ્રસંસ્કરણ |
| પ્રતાપ સારંગી | બીજેપી | સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ |
| કૈલાશ ચૌધરી | બીજેપી | કૃષિ અને કિસાન કલ્યાણ |
| દેબોશ્રી ચૌધરી | બીજેપી | મહિલા અને બાલ વિકાસ |

## સીતારામન બીજા મહિલા નાણાંમંત્રી બન્યા

**ઇન્દિરા ગાંધી બાદ સીતારામનની મોટી સિદ્ધી : સાહસી અને જોરદાર સક્રિય નિર્મલા સીતારામનને નાણાં પ્રધાન બનાવી મોદીએ તમામ પંડિતને ફરી ચોંકાવી દીધા**

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શેરબજાર સહિત તમામ બજારોને ચોંકાવી દઈને નિર્મલા સીતારામનને નાણાંમંત્રી તરીકેની જવાબદારી સોંપી દીધી હતી. મોદી સરકાર-૧માં સંરક્ષણ મંત્રી તરીકે રહેલા નિર્મલા સીતારામને રાફેલના મુદ્દા ઉપર પણ જોરદાર વલણ અપનાવ્યું હતું. આ વખતે સીતારામનને વધુ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. એશિયાનું ત્રીજુ સૌથી મોટુ અર્થતંત્ર હાલમાં મંદીમાં છે ત્યારે સીતારામને ખુબ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ૫૯ વર્ષીય સીતારામન મોદી કેબિનેટમાં વરિષ્ઠ મહિલા પ્રધાન તરીકે છે. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી બાદ નાણા મંત્રી તરીકેની જવાબદારી સંભાળનાર નિર્મલા સીતારામન બીજા મહિલા બની ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## માંડવિયા અને રૂપાલાને મહત્વના વિભાગ

ન્યુ દિલ્હી,તા.૩૧

લોકસભાની ચૂંટણીમાં જંગી વિજય બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન મોદીએ શપથ ગ્રહણ કર્યા હતા. રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા મંત્રીઓના શપથવિધી સમારોહમાં મોદીના મંત્રી મંડળમાં ગુજરાતના ત્રણ નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં ભાજપના ચાણક્ય ગણાતા અમિતશાહનો પણ સમાવેશ થાય છે. ૨૦૧૯માં રચાયેલી કેબિનેટમાં મનસુખ માંડવિયાને કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર ખાતુ સોંપાયું છે. તથા શિપીંગ મિનીસ્ટ્રીનો સ્વતંત્ર હવાલો સોંપાયો છે. તો સામે પુરુષોત્તમ રૂપાલાને એગ્રિકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફેર ખાતુ સોંપાયું છે.

## 'જય શ્રીરામ'ના નારા લાગતા ભડક્યા મમતા બેનર્જી : કહ્યુ, ચામડી ઉખાડી દઈશ

**વીડિયો થયો વાયરલ, લોકોને બહારી અને ભાજપના બદમાશ ગણાવ્યા**

કોલકાત્તા,તા.૩૧

પશ્ચિમ બંગાળના સીએમ



મમતા બેનર્જીનો એક નવો વીડિયો આવતા ફરીથી વિવાદમાં ફસાયા છે. મમતા બેનર્જીનો આ વીડિયો ઉત્તર ૨૪ પરગના જિલ્લાનો છે. જેમાં કેટલાંક લોકો તેમની આસપાસ 'જય શ્રીરામ'ના નારા લગાવતા જોવા મળી રહ્યાં છે. આ વીડિયોમાં સૂત્રોચ્ચાર બાદ મમતા બેનર્જી લોકોને ધમકાવતા દેખાઈ રહ્યા છે અને તે લોકોને બહારી અને ભાજપના બદમાશ ગણાવતા દેખાઈ રહ્યા છે.

વાત એમ છે કે ગુરૂવારના રોજ મમતા બેનર્જી પોતાના પાર્ટી કાર્યકર્તાઓની સાથે હિંસક ઝડપની વિરૂદ્ધ એક ધરણામાં ભાગ લેવા માટે નૈહાટી જઇ રહ્યા હતા. ત્યારે કેટલાંક લોકો તેમના કાફલા સામે આવી ગયા અને જયશ્રીરામના નારા લગાવા લાગ્યા. મમતા તેમનાથી નારાજ થઈ ગયા અને તરત ગાડીમાંથી ઉતરીને સૂત્રોચ્ચાર કરી રહેલા લોકો પર બૂમાબૂમ કરવા લાગ્યા.

● અનુસંધાન પાન-૭ પર

## કેરળમાં ચોમાસુ ૬ જૂને પહોંચે તેવી સંભાવના : હવામાન વિભાગની આગાહી

**મધ્ય ભારતમાં ૧૦૦ ટકા ચોમાસાનું અનુમાન – દક્ષિણ ભારતમાં ૯૭ ટકા વરસાદનું અનુમાન**

ન્યુ દિલ્હી,તા.૩૧

ગુજરાત સહિત દેશભરમાં હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીથી લોકો ત્રાહિમામ છે. દેશની રાજધાની દિલ્હીની વાત કરીએ તો, આગ વરસાવતો તડકાનો કહેર ચાલુ છે. લોકોનું જીવવું મુશ્કેલ થઈ રહ્યું છે. પરંતુ ભારતીય હવામાન વિભાગે ચોમાસાને લઈ બીજુ અનુમાન જાહેર કર્યુ છે. હવામાન વિભાગ અનુસાર, આ વર્ષે સામાન્ય વરસાદ વરસવાની આશા છે. ઓગષ્ટમાં ૯૯ ટકા ચોમાસાનું અનુમાન છે. ૬ જૂન સુધી ચોમાસુ કેરળમાં પહોંચી શકે છે. ત્યારબાદ ચોમાસુ આગળ વધશે. જોકે, ૬ જૂન સુધી ગરમીથી રાહત મળવાની આસા નથી દેખાઈ રહી.

હવામાન વિભાગ અનુસાર, દક્ષિણ ભારતમાં ૯૭ ટકા ચોમાસાનું અનુમાન છે. જ્યારે પૂર્વોત્તર ભારતમાં ૯૧ ટકા વરસાદનું અનુમાન છે. આઈએમડી અનુસાર, ઉત્તર-પશ્ચિમ ભારતમાં ચોમાસુ ૯૪ ટકા રહેશે. જ્યારે, મધ્ય ભારતમાં ૧૦૦ ટકા ચોમાસાનું અનુમાન છે.

જૂનથી સપ્ટેમ્બરમાં એવરેજ ૯૬ ટકા વરસાદ થવાનું અનુમાન છે. જોકે, જુલાઈમાં સામાન્યથી નબળો વરસાદ થવાની સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

**ROOPKALA**

The silver shop

**માત્ર ચાંદીનો શો-રૂમ**

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**મળશે નહી**

**ડો. પાર્થ ખત્રી સાહેબ**

(M.S. Ophthal)

બહારગામ જવાના હોવાથી તા. ૧/૬/૧૯ થી ૯/૬/૧૯ સુધી મળશે નહિ.

**લીલાવતી આંખની હોસ્પિટલ**

દેનાબેંક પાછળ, ઘ-૪, સેક્ટર-૧૬, ગાંધીનગર.

સમય : સાંજે ૫ થી ૮-૩૦

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Gujarat Tourism

**ગાંધી ધુન**

The prayer of Mahatma

ગાંધીજીની **૧૫૦મી જન્મ જયંતિ** નિમિતે ગાંધી યુગથી અત્યાધુનિક યુગ સુધીની સંગીતમય અને સાહિત્યક યાત્રા

**દાંડી પથ યાત્રી નિવાસ** દ્વારા આયોજિત આ કાર્યક્રમ માં આપને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.



: તારીખ :

રવિવાર, ૨ જૂન, ૨૦૧૯

: સમય :

સાંજે ૭:૦૦ કલાકે

: સ્થળ :

નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ, દાંડી

દાંડી પથ

**દાંડી પથ યાત્રી નિવાસ**

વધુ માહિતી માટે સંપર્ક કરો.

ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૯૬૮

info@dandipath.in | www.dandipath.in